NAVSARI AGRICULTURAL UNIVERSITY

## નવસારી કૃષિ યુનિવર્સિટી

# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૦



:: પ્રકાશક ::

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી - ૩૯૬ ૪૫૦





ડાંગરની જાતઃ એન.વી.એસ.આર.-૩૯૬ (આરતી)

ડાંગરની જાત ગુજરાત રાઈસ-૧૯ (ઓરંગા)





ડાંગરની જાતઃ જી.આર.-૧૮ (દિવેલી કોલમ)

જુવારની જાતઃ જી.જે.-૪૪ (મધુ)





શિયાળું દિવેલાની બે હાર વચ્ચે આંતરપાક પાપડી

ગુજરાત કપાસ - ૪૦





કલમ પધ્ધતિથી ટામેટા

ગુજરાત નવસારી આંબા હળદર-૧ (આમ્રવંતી)

# ખેડૂતોપયોગી
# સંશોધન ભલામણો-૨૦૨૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY


:: સંકલન ::

ડૉ. જી.બી. કાલરીયા

તાલીમ સહાયક (પા.સં.)

તાલીમ અને મુલાકાત યોજના

વિ.શિ.નિ.શ્રીની કચેરી, ન.કૃ.યુ.

નવસારી-૩૯૬ ૪૫૦



:: પ્રકાશક ::

ડૉ. સી. કે. ટીંબડીયા

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦

# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૦


| | | |
|---|---|---|
| પ્રકાશન વર્ષ | : | ૨૦૨૦ |
| પ્રત | : | ૫૦૦ |
| પ્રકાશક | : | **ડૉ. સી. કે. ટીંબડીયા**<br>વિસ્તરણ શિક્ષણ નિયામક<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>નવસારી-૩૯૬ ૪૫૦ |
| યુનિવર્સિટી પ્રકાશન નં. | : | ૪૫/૨૦૨૦-૨૧ |
| મુદ્રક | : | **એશિયન પ્રિન્ટરી**<br>ભૂતની આંબલી પાસે,<br>તલાટી હોલ પાસે, રાયપુર,<br>અમદાવાદ - ૩૮૦૦૦૧<br>ફોન : ૦૭૯-૨૨૧૪૮૮૨૬ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY



**કુલપતિ**
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી – ૩૯૬ ૪૫૦

# :: સંદેશ ::

સંશોધન એ કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે અતિ આવશ્યક બાબત ગણાય છે, આ માટે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાયોને લક્ષમાં રાખી સંશોધન ચાલુ છે. વર્તમાન સમયનું સંશોધન આવનાર ભવિષ્યની માંગને કારણે જૂનું થઈ જાય છે, તેથી વિવિધ વિભાગો દ્વારા કૃષિ, બાગાયત, વન્ય, પશુપાલન, મત્સ્યપાલન, કૃષિ ઈજનેરી, કૃષિ બજાર વ્યવસ્થા અને તેને સંલગ્ન વ્યવસાયોના વિકાસ માટે સંશોધનની પ્રક્રિયા અવિરત પણે ચાલુ રહે છે. આ સંશોધન પ્રક્રિયાના અંતે યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રો દ્વારા મળેલ ભલામણો ખેડૂતોના ઉપયોગ માટે ગુજરાતી ભાષામાં દર વર્ષે તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ દરમ્યાન બહાર પાડવામાં આવેલ સંશોધન ભલામણોને **"ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૦"** પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે, જે ખેડૂતો ઉપરાંત સમગ્ર રાજયમાં કૃષિ સંલગ્ન વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓને પણ ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે તેમજ તેના ઉપયોગ થકી ખેત ઉત્પાદન અને આવકમાં વધારો થશે, જેના પરિણામે રાજ્ય કૃષિ વિકાસમાં સદર પુસ્તિકા ઉપયોગી થશે તેવી આશા રાખું છું.

આ પુસ્તિકા તૈયાર કરવા માટે સંલગ્ન તમામ વૈજ્ઞાનિકો તેમજ માહિતી સુવ્યવસ્થિત રીતે સંકલન કરનાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીની પ્રશંસનીય કામગીરીને બિરદાવું છું.

**તારીખ : ૦૧/૧૨/૨૦૨૦**
**સ્થળ : નવસારી**

**(ઝેડ. પી. પટેલ)**
**કુલપતિ**

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

NAVSARI AGRICULTURAL UNIVERSITY




**સંશોધન નિયામક**

નવસારી કૃષિ યુનિવર્સિટી,

નવસારી - ૩૯૬ ૪૫૦


## :: સંદેશ ::

આપણે સહુ જાણીએ છીએ કે કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાયોનાં વિકાસ માટે સંશોધન કાર્ય ખુબ જ જરૂરી છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં નવસારી, વલસાડ, આહવા ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સાત જિલ્લા ખાતે કાર્યરત વિવિધ સંશોધન કેન્દ્ર ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રોને આવરી લઈ વિવિધ પ્રકારના સંશોધનના અખતરાઓ ગોઠવી વિવિધ સંશોધનો હાથ ધરે છે. આ સંશોધન કાર્ય ચાર થી પાંચ વર્ષ સુધી ચાલતા અખતરાઓના સફળ પરિણામો અલગ તારવી તેની સમીક્ષા કરવા સંશોધનોની પેટા સમિતિઓની બેઠકમાં ચર્ચા કરવામાં આવે છે. ચર્ચાના અંતે ખેડૂતોને ઉપયોગી થાય તેનાં તારણો અલગ તારવી કાઢવામાં આવે છે. વર્ષ - ૨૦૨૦માં આ સફળ તારણોને ખેડૂતોના ઉપયોગ સારું ભલામણ કરવા માટે ૧૬મી સંશોધનોની સંયુકત બેઠકમાં રજૂ કરવામાં આવેલ છે. જેને ખેડૂત સમુદાયના લાભાર્થે **"ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૦"** પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી રહી છે. ત્યારે હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. આ ખેડૂતોપયોગી સંશોધનની ભલામણોની પુસ્તિકા અને તેની સંકલિત ટેકનોલોજીની ભલામણો દક્ષિણ ગુજરાતના ખેડૂતો અપનાવી તેમના ખેત ઉત્પાદન તેમજ આવકમાં વધારો કરી શકશે.

આ પુસ્તિકા તૈયાર કરવા બદલ યુનિવર્સિટીના સબંધિત વૈજ્ઞાનિકો તેમજ માહિતી સુવ્યવસ્થિત રીતે સંકલન કરનાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને તેમની કચેરીના ડૉ. જી. બી.કાલરીયાને પ્રશંસનીય કામગીરી બદલ મારા અભિનંદન સહિત બિરદાવું છું.

**તારીખ : ૦૧/૧૨/૨૦૨૦**

**સ્થળ : નવસારી**

**(એસ. આર. ચૌધરી)**

**સંશોધન નિયામક**

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

NAVSARI AGRICULTURAL UNIVERSITY



**વિસ્તરણ શિક્ષણ નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી – ૩૯૬ ૪૫૦

## :: સંદેશ ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓના સ્થાનિક કૃષિ હવામાનના પરિબળો જેવા કે, તાપમાન, વરસાદ, જમીન, પાણી વિ. કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા અને ખેડૂતોના ખેતી સબંધી પ્રશ્નોને ધ્યાને લઈને વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ધાન્ય પાકો, કઠોળ પાકો, રોકડિયા પાકો, ફળ પાકો, શાકભાજી પાકો, ફૂલ પાકો, પાકોની વિવિધ જાતો, રક્ષિત ખેતી, સજીવ ખેતી, કૃષિ ઈજનેરી, મૂલ્યવૃધ્ધિ, મધમાખીપાલન, પશુપાલન, ઘાસચારા પાકો, વન્ય પાકો વિ. માટેના સંશોધનો દર વર્ષે હાથ ધરવામાં આવે છે.

દર વર્ષે કૃષિ સંશોધન ભલામણોની પુસ્તિકા સંશોધન નિયામકશ્રીની કચેરી દ્વારા અંગ્રેજી ભાષામાં અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે. ગુજરાતી ભાષામાં તૈયાર કરવાથી ખેડૂતો સારી રીતે તે સમજી શકે અને ખેતી સબંધિત પ્રશ્નો ઉદ્‌ભવે ત્યારે તેનો ઉપયોગ કરી શકે. આ પુસ્તિકામાં નવી ટેકનોલોજીના ફોટોગ્રાફસ ઉપરાંત નવિન ટેકનોલોજીના અર્થકરણનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આમ યુનિવર્સિટીની સંશોધન ભલામણોને ગ્રંથસ્થ કરતી **"ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૦"** પુસ્તિકા પ્રકાશિત કરતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું અને મને વિશ્વાસ છે કે, ખાતાના અધિકારીઓ, વિસ્તરણ કાર્યકરો અને ખેડૂતો માટે તે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં ડૉ. જી. બી. કાલરીયાએ આપેલ યોગદાનને બીરદાવું છું.

**તારીખ : ૦૧/૧૨/૨૦૨૦**
**સ્થળ : નવસારી**

**(સી. કે. ટીંબડીયા)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | ધાન્ય પાકો | ૧ |
| ૨ | કઠોળ પાકો | ૯ |
| ૩ | તેલીબિયાં પાક | ૧૦ |
| ૪ | રોકડિયા પાકો | ૧૧ |
| ૫ | ફળ પાકો | ૧૪ |
| ૬ | શાકભાજી પાકો | ૧૬ |
| ૭ | ફૂલ પાકો | ૨૩ |
| ૮ | સેન્દ્રિય ખેતી | ૨૩ |
| ૯ | કૃષિ ઈજનેરી | ૨૫ |
| ૧૦ | મૂલ્યવૃધ્ધિ | ૨૬ |
| ૧૧ | મધમાખી પાલન | ૨૭ |
| ૧૨ | રેશમની ખેતી | ૨૮ |
| ૧૩ | પશુપાલન | ૨૮ |
| ૧૪ | ઘાસચારા પાકો | ૨૮ |
| ૧૫ | ઔષધીય પાકો | ૩૦ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ૧. ધાન્ય પાકો

## ૧.૧ ડાંગરની જાત : એન.વી.એસ.આર–૩૯૬ (ગુજરાત નવસારી રાઈસ-૮ (આરતી))

ડાંગરની વહેલી પાકતી જાત એન.વી.એસ.આર.-૩૯૬નું એરોબીક પરિસ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૪૭૦૦ કિલોગ્રામ/હેકટર છે, જે અંકુશ જાતો એન.એ.યુ.આર-૧ અને જી.એન.આર.-૩ કરતાં અનુક્રમે ૧૮.૬ ટકા અને ૧૫.૨ ટકા વધુ ઉત્પાદન આપે છે. આ જાતનો દાણો લાંબો અને જાડો, ફુટ તેમજ કંટીમાં દાણાની સંખ્યા વધુ છે. આ જાતના દાણામાં મધ્યમ એમાઈલોઝ (૨૪.૪૨%), પ્રોટીન (૬.૫૨%) તેમજ વધુ આખા દાણાનું પ્રમાણ (૬૪.૨%) ધરાવે છે. એન.વી.એસ.આર.-૩૯૬ ડાંગર જાત સુકારા, ભૂખરા દાણાનો રોગ અને પર્ણચ્છેદના કહોવારા સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની સુચિત જાત બદામી ચુસીયા સામે પ્રતિકારક તેમજ ગાભમારાની ઈયળ, પાનવાળનારી ઈયળ અને પર્ણતલ કથીરી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની જાત એન.વી.એસ.આર-૩૯૬ને દક્ષિણ ગુજરાતના એરોબીક ડાંગર વિસ્તાર માટે જી.એન.આર.-૮ (આરતી) તરીકે ભલામણ કરવામાં આવે છે.



ખેતરમાં વહેલી પાકતી જાત આરતીનો એરોબીક પરિસ્થિતિમાં પ્રતિસાદ

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, મુ.ચો.સં.કે., જ.જ.વ્ય.સં.એ., ન.કૃ.યુ., નવસારી)

## ૧.૨ ડાંગરની જાત : એન.વી.આર.એસ. ૬૧૫૦ (ગુજરાત રાઈસ-૧૯ (ઓરંગા))

ડાંગરની ક્ષાર પ્રતિકારક જાત એન.વી.એસ.આર.-૬૧૫૦ નું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૫૩૦૫ કિલો/હેકટર છે, જે અંકુશ જાતો દાંડી અને જી.એન.આર.-૫ કરતા અનુક્રમે ૧૬.૦ ટકા અને ૧૨.૧ ટકા વધુ ઉત્પાદન આપે છે. આ જાતનો દાણો નાનો અને

જાડો, ફુટ તેમજ કંટીમાં દાણાની સંખ્યા વધુ છે. આ જાતના દાણામાં મધ્યમ એમાઈલોઝ (૨૫.૨%), પ્રોટીન (૬.૭%) તેમજ વધુ આખા દાણાનું પ્રમાણ (૬૨.૮%) ધરાવે છે. ડાંગરની સુચિત જાત સુકાર, ભૂખરા દાણાનો રોગ અને પર્ણચ્છેદના કહોવારા સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની સુચિત જાત બદામી ચુસીયા સામે પ્રતિકારક તેમજ ગાભમારાની ઈયળ, પાન વાળનારી ઈયળ અને પર્ણતલ કથીરી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની જાત એન.વી.એસ.આર.-૬૧૫૦ ને ગુજરાતમાં રોપાણ ડાંગરના ક્ષારીય વિસ્તાર માટે જી.આર.-૧૯ (ઔરંગા) તરીકે ભલામણ કરવામાં આવે છે.



ડાંગરની જાત ગુજરાત રાઈસ-૧૯(ઓરંગા)

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, મુ.ચો.સં.કે., જ.જ.વ્ય.સં.એ., ન.કૃ.યુ., નવસારી)

## ૧.૩ ડાંગરની જાત : જી.આર.-૧૮ (દેવલી કોલમ)

ગુજરાતમાં ડાંગરની નવી જાત એન.વી.એસ.આર-૨૫૨૮નું સરેરાશ ઉત્પાદન ૫૪૬૨ કિલો/હેકટર છે, જે જી.આર.-૪ અને મહીસાગર કરતા અનુક્રમે ૨૯.૧% અને ૮.૪% વધુ ઉત્પાદન આપે છે. નવી જાતનો દાણો મધ્યમપાતળો તેમજ વધુ આખા ચોખાનું પ્રમાણ (૬૧.૮%) ધરાવે છે. ડાંગરની નવી જાત પાનનો કરમોડી, ભુખરા દાણાનો રોગ તેમજ પર્ણચ્છેદના કહોવારા સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની નવી જાત પાનના સફેદ પીઠવાળા ચુસીયા, પાનવાળનારી ઈયળ, ગાભમારાની ઈયળ તેમજ પર્ણતલ કથીરી સામે સહય પ્રતિકારક શકિત ધરાવે છે. ડાંગરની નવી જાત સમગ્ર ગુજરાત રાજય માટે જી.આર.-૧૮ (દેવલી કોલમ) તરીકે ભલામણ કરવામાં આવે છે.





જી.આર.–૧૮ (દેવલી કોલમ)

**ભલામણનું અર્થકરણ**

| અખતરાનું નામ અને વર્ષ | | ઉત્પાદન (કિલો/હે) | | |
|---|---|---|---|---|
| | | જી.આર.૧૮ (દેવલી કોલમ) | જી.આર. - ૪ | મહીસાગર |
| પી.ઈ.ટી.- એમ.એસ. (ખરીફ - ૨૦૧૬) | સરેરાશ | ૫૨૧૯ | ૪૧૮૩ | – |
| | % વધુ ઉત્પાદન | | ૨૪.૭ | – |
| એસ.એસ.વી.ટી. - એમ.એસ. (ખરીફ - ૨૦૧૭) | સરેરાશ | ૫૧૦૭ | ૩૭૬૭ | – |
| | % વધુ ઉત્પાદન | | ૩૫.૬ | – |
| એલ.એસ.વી.ટી. - ઈ - ફાઈન (ખરીફ - ૨૦૧૮) | સરેરાશ | ૫૬૯૫ | ૪૬૯૦ | ૫૧૭૬ |
| | % વધુ ઉત્પાદન | | ૨૧.૪ | ૧૦.૦ |
| એલ.એસ.વી.ટી. - ફાઈન (ખરીફ - ૨૦૧૯) | સરેરાશ | ૫૫૫૬ | ૪૧૩૬ | ૫૨૦૫ |
| | % વધુ ઉત્પાદન | | ૩૪.૩ | ૬.૭ |
| કુલ સરેરાશ ઉત્પાદન અને % ઉત્પાદનમાં વધારો (જી.આર.૪) | | ૫૪૬૨ | ૪૨૩૨ (૨૯.૧) | – |
| કુલ સરેરાશ ઉત્પાદન અને % ઉત્પાદનમાં વધારો મહીસાગર | | ૫૬૨૬ | – | ૫૧૯૧ (૮.૪) |

(ભલામણનું વર્ષ: ૨૦૨૦, સહ સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા)

## ૧.૪ ડાંગરના ધરૂવાડિયામાં *સ્કલેરોસીયમ રોલ્ફસી* દ્વારા થતા વિગલન રોગનું નિયંત્રણ

ઉનાળુ ડાંગર ઉગાડતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોને સલાહ આપવામાં આવે છે, કે ડાંગરનાં બીજને એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. ૦.૦૪૬% ૧ મિલિ/૫૦૦ મિલિ

પાણીમાં એક કિગ્રા બીજને બે કલાક પાણીમાં પલાળીને વાવણી તથા *ટ્રાયકોડર્મા હરજીયાનમ* ૧.૫% વેપા (સીએફયુ - ૨ x ૧૦$^{૬}$/ગ્રામ) ૧ ગ્રામ/મી$^{૨}$ પ્રમાણે જમીનમાં આપવા ભલામણ કરવામાં આવે છે અથવા ડાંગરનાં બીજને એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. ૦.૦૪૬% ૧ મિલિ/૫૦૦ મિલિ પાણીમાં એક કિગ્રા બીજને ૨ કલાક પાણીમાં પલાળીને વાવણી કરવાની ભલામણ કરવામાં આવે છે. જેથી સારા તંદુરસ્ત છોડનો ઉગાવો મળે અને છોડનો મૃત્યુદર ઘટાડી શકાય.

| વર્ષ | પાક | રોગ | ફુગનાશક દવા અને સ્વરૂપ | પ્રમાણ | | | વેઈટીંગ પીરીયડ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | સાંદ્રતા % | સક્રિય તત્વ ગ્રામ/હે | પાણીમાં મિશ્રણ | |
| ૨૦૨૦ | ડાંગર | ધરૂનો વિગલન | એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. + *ટ્રાઈકોડર્મા હરર્જીયાનમ* (૧.૫ ડબલ્યુ.પી.) | ૦.૦૪૬<br>૨x૧૦$^{૬}$ | ૨ મિલિ /લિ<br>૧ગ્રામ /મી$^{૨}$ | ૫૦૦ મિલિ/ કિગ્રા સીડ + જમીન માવજત | પાણીમાં પલાળીને |
| | | | એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. | ૦.૦૪૬ | ૨ મિલિ /લિ | ૫૦૦ મિલિ/ કિગ્રા સીડને બે કલાક પલાળીને વાવણી કરવી | પાણીમાં પલાળીને |



બીજ માવજતઃ એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી.(૦.૦૪૬%) + *ટ્રાઈકોડર્મા હારજીયાનમ* (૧.૫ ડબલ્યુ.પી.)



બીજ માવજતઃ એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. (૦.૦૪૬%)



વગર બીજ માવજત

(ભલામણ વર્ષઃ ૨૦૨૦ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા)

## ૧.૫ ડાંગરના ગલત આંજીયો રોગના નિયંત્રણ માટેની ભલામણ



દાણા પર ગલત આંજીયાનો ઉપદ્રવ

દક્ષિણ ગુજરાતના ડાંગર ઉગાડતા ખેડૂતોને ડાંગરનાં ગલત આંજીયો રોગના અસરકારક નિયંત્રણ માટે ટ્રાયફલોકસીસ્ટ્રોબીન ૨૫ + ટેબ્યુકોનાઝોલ ૫૦ (૭૫% વેટેબલ ગ્રેન્યુલસ) ૦.૦૩% (૪ ગ્રામ પ્રતિ ૧૦ લિટર) અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી, ૦.૦૨૫% (૧૦ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર ) ના બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે. પહેલો છંટકાવ ધ્વજ પર્ણદંડ અવસ્થાએ (બુટ લીફ સ્ટેજ) અને ત્યારબાદ બીજો છંટકાવ દૂધિયા દાણા (મિલ્કિંગ સ્ટેજ) અવસ્થાએ કરવો. ટ્રાયફલોસીસ્ટ્રોબીન ૨૫ + ટેબ્યુકોનાઝોલ ૫૦ (૭૫ વેટેબલ ગ્રેન્યુલ્સ) ના છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસ રાખવો અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી છેલ્લા છાંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૩૦ દિવસનો રાખવો.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, મુ.ચો.સં.કે., જ.જ.વ્ય.સં.એ., ન.કૃ.યુ., નવસારી)

## ૧.૬ દાણા જુવારની જાતઃ જી.જે.-૪૪ (મધુ)



દાણા જુવારની જાત જી.જે.-૪૪ (મધુ) રાજય અને રાષ્ટ્રીય અંકુશ જાતો કરતા વધારે ઉત્પાદન આપે છે. જુવારની આ જાત સરેરાશ ૨,૭૬૨ કિગ્રા/હે દાણાનું ઉત્પાદન આપે છે. જે દાણામાં અંકુશ જાતો જી.જે.-૪૨ અને જી.એન.જે.-૧ તથા રાષ્ટ્રીય અંકુશ જાત સી.એસ.વી.-૨૦ કરતા અનુક્રમે ૧૮.૧ ટકા, ૮.૪ ટકા અને ૨૨.૩ ટકા વધારે ઉત્પાદન આપે છે. આ જાત સરેરાશ ૧૧,૮૩૬ કિગ્રા/હે સુકા ઘાસચારાનું ઉત્પાદન આપે છે. આ જાતમાં ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઓછો તથા દાણાની ફુગ, ગુંદરીયો, કાલવ્રણ, પાનના સુકારા જેવા રોગો સામે આંશિક પ્રતિકારક શકિત ધરાવે છે. દાણા જુવારની જાત જી.જે.-૪૪ (મધુ)ને ચોમાસુ ઋતુમાં સમગ્ર ગુજરાત રાજયમાં દાણા માટે જુવાર ઉગાડતા વિસ્તાર માટે ભલામણ કરવામાં આવે છે.


(ભલામણ વર્ષ: ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક (જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ,. સુરત)

## ૧.૭ શિયાળુ જુવાર-શાકભાજી ચોળા પાકપધ્ધતિ પર જુદી જુદી પિયત અને ફર્ટીગેશનની અસર

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળુ જુવાર-શાકભાજી ચોળા (ઉનાળુ) પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા ૦.૬ પી.ઈ.એફ. મુજબ ટપક પધ્ધતિ અપનાવવાની તેમજ જુવારને ૬ કિગ્રા/હે નાઈટ્રોજન અને ૪૦ કિગ્રા/હે ફોસ્ફરસ પાયામાં અને બાકી રહેતા ૫૮ કિગ્રા/હે નાઈટ્રોજન વાવેતરના ૨૦ દિવસ બાદ અઠવાડીયાનાં અંતરે ૬ સરખા હપ્તામાં ટપક પધ્ધતિ દ્વારા અને ચોળા પાકને ૪૦ કિગ્રા/હે ફોસ્ફરસ પાયામાં આપી ૨૦ કિગ્રા/હે નાઈટ્રોજન અઠવાડીયાના અંતરે ૩ સરખા હપ્તામાં ટપક પધ્ધતિ દ્વારા આપવાની ભલામણ કરવામાં આવે છે.

**ટપક પધ્ધતિની વિગત**

| | | |
|---|---|---|
| વાવેતર અંતર | : | જુવાર : ૩૦ × ૧૫ સેમી(૪) : ૬૦ સેમી (બીપી ૫૩)<br>ચોળા : ૩૦ × ૧૫ સેમી(૪) : ૬૦ સેમી (જીએવીસી ૧) |
| બે નળી વચ્ચેનું અંતર | : | ૧૮૦ સેમી |
| ટપકણીયા વચ્ચેનું અંતર | : | ૬૦ સેમી |
| ટપકણીયાનો પ્રવાહ | : | ૪ લિ/કલાક |
| પધ્ધતિનું દબાણ | : | ૧.૨ કિગ્રા/મી$^2$ |
| પધ્ધતિ ચલાવવાનો ગાળો | : | અઠવાડીયામાં બે વખત |
| પધ્ધતિ ચલાવવાનો સમય | : | - |
| જુવાર (શિયાળુ) ડિસેમ્બર થી માર્ચ | : | ૨ કલાક ૨૦ મિનિટ થી ૩ કલાક ૧૫ મિનિટ |
| ચોળા (ઉનાળુ) એપ્રિલ થી મે | : | ૩ કલાક ૨૦ મિનિટ થી ૩ કલાક ૪૫ મિનિટ |





(ભલામણ વર્ષઃ ૨૦૨૦, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી)

## ૧.૮ શિયાળુ જુવાર-ઉનાળુ મગ પાકપધ્ધતિમાં ફોસ્ફરસની સાથે *આર્બસ્કયુલર માઈક્રોરાઈઝા*નો અભ્યાસ

દક્ષિણ ગુજરાતના ભારે વરસાદ વાળા વિસ્તારમાં શિયાળુ જુવાર - ઉનાળુ મગ પાક પધ્ધતિ અપનાવતા ખેડુતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે જુવાર પાકમાં જમીન તૈયાર કરતી વખતે હેકટર દીઠ ૫ ટન બાયોકમ્પોસ્ટ આપવું તથા હેકટર દીઠ ૩૦ કિલોગ્રામ ફોસ્ફરસની સાથે *આર્બસ્કયુલર માઈક્રોરાઈઝા* ૨૫૦ ગ્રામ (૩૦૦૦ આઈપી/ગ્રામ) અને ૪૦ કિલોગ્રામ નાઈટ્રોજન પાયામાં તેમજ બાકી રહેલ ૪૦ કિલોગ્રામ નાઈટ્રોજન વાવણીના ૩૦ દિવસ પછી આપવુ તેમજ મગમાં હેકટર દીઠ ૧૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૩૦ કિલોગ્રામ ફોસ્ફરસ આપવાની ભલામણ કરવામાં આવે છે.




શિયાળુ જુવાર - ઉનાળુ મગ પાક પધ્ધતિ

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૧.૯ ચોમાસુ જુવારમાં નિંદામણ નિયંત્રણ

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ જુવાર વાવતા ખેડુતોને પાકમાં અસરકારક નિંદણ નિયંત્રણ તેમજ વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવવા માટે વાવેતર બાદ ૨૫ અને ૫૦ દિવસે એમ બે હાથ નિંદામણ તથા ૫૦ દિવસે એક આંતરખેડ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક (જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ,. સુરત)

## ૧.૧૦ જુવારમાં સાઠાની માખીનું નિયંત્રણ

દક્ષિણ ગુજરાતમાં જુવારની ખેતી કરતા ખેડુતોને સાંઠાની માખીના અસરકારક નિયંત્રણ માટે લીમડાનું તેલ ૦.૫ ટકા અથવા કરંજનું તેલ ૦.૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૫૦ મિલિ તેલ + ૩ ગ્રામ ડિટરજન્ટ પાવડર) પાક ઉગ્યાના ૭ અને ૧૭ મા દિવસે છંટકાવ કરવા ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક (જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ,. સુરત)

## ૧.૧૧ શિયાળુ મકાઈમાં સંકલિત નિંદણ વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળુ મકાઈનું વાવેતર કરતા ખેડૂતોને અસરકારક નિંદણ નિયંત્રણ તેમજ વધુ ઉત્પાદન અને આવક મેળવવા એટ્રાઝીન ૧.૦ કિગ્રા/હે પ્રિ-ઈમરજન્સ છંટકાવ કરવાની તેમજ વાવણી બાદ ૪૦ દિવસે એક આંતર ખેડ કરવાની અથવા વાવણી બાદ ૨૦ અને ૪૦ દિવસે બે આંતર ખેડ અને હાથ નિંદણ કરવા ભલામણ કરવામાં આવે છે.






(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૧.૧૨ નાગલીના મૂળના કોહવારા રોગનું જૈવિક નિયંત્રણ

દક્ષિણ ગુજરાતના નાગલી ઉગાડતા ખેડૂતોને નાગલીના મૂળના કોહવારા રોગના અસરકારક નિયંત્રણ મેળવવા માટે *સ્યુડોમોનાસ ફલોરોસન્સ* ૧.૫% ($૧x૧૦^{૮}$ સીએફયુ/મિલિ) ૧૦ મિલિ/કિગ્રા બીજ માવજત આપવી અને ત્યારબાદ બે વખત *સ્યુડોમોનાસ ફલોરોસન્સ* ($૧x૧૦^{૮}$સીએફયુ/મિલિ) ૨.૫ લિટર/૨૫૦ કિલો છાણિયા ખાતરમાં ભેળવી પાકની ફેરરોપણી અને ૫૦ ટકા ફુલ આવે ત્યારે જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, મદદનીસ પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ)

## ૧.૧૩ વરીપાકમાં સેન્દ્રિય ખાતરોનો પ્રતિસાદ

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં વરીની ખેતી કરતાં ખેડુતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ૪૦ કિગ્રા નાઈટ્રોજન/હે છાણિયા ખાતર (૮ થી ૯ ટન/હે) અથવા બાયોકમ્પોસ્ટ (૩ ટન/હે) મારફત તેમજ



એઝેટોબેકટર અને પી.એસ.બી. દરેક ૨ લિ/હે ધરુ ચોંટી ગયા બાદ તુરંત જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, સહ પ્રાધ્યાપક, સસ્ય વિજ્ઞાન વિભાગ, કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., વઘઈ)

## ૨. કઠોળ પાકો

### ૨.૧ તુવેરના પાકમાં લીલી ઈયળના ફુદાને સમૂહમાં પકડવા માટે ફેરોમોન ટ્રેપની ઉંચાઈ પ્રમાણિત કરવી





દક્ષિણ ગુજરાતમાં તુવેરની ખેતી કરતા ખેડુતોને લીલી ઈયળના વધુમાં વધુ નર ફુદા પકડવા માટે પાકમાં ૫૦ ટકા ફૂલ અવસ્થાએ છોડની ટોંચથી ૧.૫ ફુટ ઉંચાઈ જળવાય તેમ ફેરોમોન ટ્રેપ લગાડવા માટે ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ,ન.મ.કૃ.મ.,ન.કૃ.યુ, નવસારી)

### ૨.૨ પાપડીનો મુખ્ય અને ત્યાર બાદના લામપાકમાં ખાતર વ્યવસ્થાપન (જાતઃ જીએનઆઈબી–૨૧)



દક્ષિણ ગુજરાતનાં વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળાની ઋતુમાં શાકભાજીની પાપડી (જીએનઆઈબી-૨૧)ની ખેતી કરતાં ખેડૂતોને પાપડીનું વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે મુખ્ય પાકને રાસાયણિક ખાતર ૨૦-૪૦-૦૦ ના-ફો-પો કિગ્રા/હે પાયાના ખાતર તરીકે અથવા સેન્દ્રિય ખાતર ૫ ટન/હે. છાણિયું ખાતર જમીન તૈયાર કરતી વખતે અને લામપાકને ૨૦-૩૦-૦૦ ના-ફો-પો કિગ્રા/હે મુખ્ય પાકની કાપણી બાદ આપવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, નોડલ ઓફિસર (મેગાસીડ) અને યુનિટ હેડ, કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

# ૩. તેલીબિયાં પાક

## ૩.૧ ઉનાળુ તલમાં પિયત અને પોષક તત્વોનું વ્યવસ્થાપન



ઉનાળુ તલમાં પિયત અને પોષક તત્વોનું વ્યવસ્થાપન


દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં ઉનાળુ તલ વાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા પાકને ૬૦ મિમી ના કુલ ૮ પિયત આપવા, જે પૈકી પ્રથમ પિયત વાવણી સમયે, બીજું પ્રથમ પિયત બાદ ૧૨-૧૪ દિવસે, ત્રીજુ અને ચોથું પિયત બીજા પિયત પછી ૧૦-૧૨ દિવસના અંતરે અને બાકીના ચાર પિયત ચોથા પિયત બાદ ૮ થી ૧૦ દિવસના સમયાંતરે આપવા તેમજ ૬૨.૫-૩૧.૨૫-૫૦ ના-ફો-પો કિગ્રા/હે (નાઈટ્રોજનનો અડધો જથ્થો તથા ફોસ્ફરસ અને પોટાશનો પૂર્ણ જથ્થો પાયામાં અને નાઈટ્રોજનનો બાકીનો અડધો જથ્થો વાવણી પછીના ૩૦ દિવસે આપવો) સાથે ૨૦ કિગ્રા સલ્ફર જીપ્સમ સ્વરૂપે પાયામાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડા, કપાસ સંશોધન પેટા—કેન્દ્ર, ન.કૃ.યુ., અછાલીયા)

## ૩.૨ અળસીમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને સલ્ફરના પ્રમાણની અસર

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં અળસીનું વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે પ્રતિ હેકટર ૭૫ કિગ્રા નાઈટ્રોજન, ૫૦ કિગ્રા ફોસ્ફરસ ડી.એ.પી. સ્વરૂપે અને ૨૦ કિગ્રા સલ્ફર તત્વ સલ્ફરરૂપે (સલ્ફરનો સંપૂર્ણ જથ્થો વાવેતર પહેલા એક અઠવાડીયે, નાઈટ્રોજનનો અડધો અને ફોસ્ફરસનો સંપૂર્ણ જથ્થો વાવેતર સમયે અને બાકી રહેતો અડધો નાઈટ્રોજન વાવેતર બાદ ૩૦ દિવસે) આપવાની ભલામણ કરવામાં આવે છે.






(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

### ૩.૩ શિયાળું દિવેલાનો બે હાર વચ્ચેનાં અંતરો, રોપણી તારીખો અને આંતરપાક પાપડી સામે પ્રતિભાવ (જાતઃ જીએનઆઈબી–૨૧)



દક્ષિણ ગુજરાતનાં વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળામાં દિવેલા (જીએનસીએચ–૧) પાક લેતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા ઓકટોબર મહિનાના છેલ્લા અઠવાડિયા દરમ્યાન ૧૫૦ સેમી x ૯૦ સેમી અંતરે દિવેલાનું વાવેતર કરવા અને શાકભાજીની પાપડી (જીએનઆઈબી-૨૧) આંતરપાક (૧:૧) તરીકે વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, નોડલ ઓફિસર (મેગાસીડ) અને યુનિટ હેડ, કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

### ૩.૪ દક્ષિણ ગુજરાતના વરસાદ આધારિત પરિસ્થિતિમાં દિવેલા આધારિત રિલેપાક પધ્ધતિઓનું પરિક્ષણ



દિવેલાનો પાક

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં મોડી ખરીફ (સપ્ટેમ્બરનાં પ્રથમ અઠવાડીયામાં) ઋતુમાં વરસાદ આધારિત દિવેલાની ખેતી કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે મગ-દિવેલા અથવા અડદ-દિવેલા રિલે પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ)

## ૪. રોકડિયા પાકો

### ૪.૧ જાતઃ ગુજરાત કપાસ–૪૦ (જી.એસ.એચ.વી.૧૭૨)

ગુજરાત રાજયનાં પિયત વિસ્તારમાં હિરસુટમ કપાસની જાત જી.એસ.એચ.વી. ૧૭૨ નું સરેરાશ ઉત્પાદન ૨૫૦૫ કિગ્રા/હેકટર મળેલ છે. જે પ્રચલિત નિયંત્રિત જાતો

જેવી કે જી.કોટ.૧૦, જી.કોટ.૧૬, જી.કોટ.૧૮, જી.કોટ.૨૦, જી.એન.કોટ.૨૨ અને ઝોનલ ચેક કરતાં અનુક્રમે ૭૮.૨, ૩૬.૨, ૧૮.૯, ૩૬.૪, ૨૬.૮ અને ૩૦.૪ ટકા વધુ ઉત્પાદન છે. જી.એસ.એચ.વી.૧૭૨ ના રૂનું સરેરાશ ઉત્પાદન ૯૦૧ કિગ્રા/હે મળેલ છે. જે આ જાતની ઉંચી ટકાવારી (૩૬.૧ ટકા)ને કારણે છે. આ જાત પાનનાં ટપકાંના રોગ અને પાનનાં સુકારાના રોગ સામે મધ્યમ રોગપ્રતિકારક જયારે દહિયો/છાસિયો રોગ સામે નહિવત થી મધ્યમ સંવેદનશીલ લક્ષણો જણાયેલ છે. જી.એસ.એચ.વી.૧૭૨માં ચુસીયા જીવાતો, ખુલ્લાં જીંડવા અને કાલાનું નુકશાન આર્થિક ક્ષમ્ય માત્રા કરતાં ઓછું આવે છે. જેથી ગુજરાતનાં પિયત વિસ્તારમાં હિરસુટમ કપાસની જાત જી.એસ.એચ.વી.૧૭૨ ને "જી.કોટ.૪૦" તરીકે એન્ડોર્સમેન્ટ માટે ભલામણ કરવામાં આવે છે.



ગુજરાત કપાસ–૪૦ નો છોડ



ગુજરાત કપાસ–૪૦ નું ખેતર

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, સશોધન વૈજ્ઞાનિક(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત)

### ૪.૨ ગુજરાત કપાસ–૪૨ (જી.એસ.એચ.વી.૧૮૦)નું સાંકડાગાળે વાવેતર

દક્ષિણ ગુજરાતનાં બિન પિયત વિસ્તારમાં હિરસુટમકપાસની જાત જી.એસ.એચ.વી.૧૮૦ ને ૬૦ x ૧૫ સેમી.નાં સાંકડાગાળે વાવેતર કરવાથી તેનું સરેરાશ ઉત્પાદન ૨૫૪૨ કિગ્રા/હેકટર મળેલ છે. જે પ્રચલિત નિયંત્રિત જાતો જેવી કે જી.કોટ.૧૬, જી.કોટ.૨૦, સુરજ અને જી.કોટ.૩૪ કરતાં અનુક્રમે ૩૨.૨, ૫૬.૮, ૨૩.૭ અને ૪.૦ ટકા વધુ ઉત્પાદન છે. જી.એસ.એચ.વી.૧૮૦ના રૂ નું સરેરાશ ઉત્પાદન ૮૧૫ કિગ્રા/હે મળેલ છે. આ જાતની રૂની ટકાવારી ૩૨.૪ ટકા છે. આ જાતમાં પાનનાં સુકારા રોગનાં લક્ષણો જણાયેલ નથી અને પાનનાં ટપકાંનાં રોગ સામે નહિવત થી સંવેદનશીલ લક્ષણો જણાયેલ છે. આ જાતમાં ચુસીયા પ્રકારની જીવાત તડતડીયાનું નુકશાન મધ્યમથી નીચું રહેલું હતું. જયારે જીંડવાની ઈયળથી થયેલ નુકશાન આર્થિક ક્ષમ્ય માત્રા કરતાં ઓછું જણાયેલ છે. આ જાત મધ્યમ મોડી પાકતી જાત છે, જેથી દક્ષિણ ગુજરાતનાં બિન પિયત વિસ્તારમાં હિરસુટમક પાસની જાત જી.એસ.એચ.વી.૧૮૦ ને ઘનિષ્ઠ પાક પધ્ધતિમાં વાવેતર કરવા "જી.કોટ.૪૨" તરીકે એન્ડોર્સમેન્ટ માટે ભલામણ કરવામાં આવે છે.



કપાસ (ગુજરાત કપાસ–૪૨)નું ખેતર



ગુજરાત કપાસ–૪૨નો છોડ

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, સશોધન વૈજ્ઞાનિક(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ, સુરત)

### ૪.૩ પિયત પરિસ્થિતિમાં કપાસની સાંકડાગાળે વાવેતર પધ્ધતિમાં મેપિકવેટ કલોરાઈડ દ્વારા છોડની વૃધ્ધિનું નિયમન

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં હિરસુટમ કપાસ (ગુ.કપાસ.૧૬) ઉગાડતા ખેડુતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ૪૫ સેમી x ૨૦ સેમી અથવા ૬૦ સેમી x ૨૦ સેમી વાવેતર અંતરે હાઈડેન્સિટી પ્લાન્ટીંગ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં મેપિકવેટ કલોરાઈડનાં છંટકાવની કપાસનું ઉત્પાદન વધવા પર કોઈ અસર જોવા મળેલ નથી.



મેપિકવેટ કલોરાઈડનો છંટકાવ કરેલ કપાસ



મેપિકવેટ કલોરાઈડનો છંટકાવ નહિ કરેલ કપાસ

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, સશોધન વૈજ્ઞાનિક(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત)

### ૪.૪ દક્ષિણ ગુજરાત પરિસ્થિતિમાં ખેડ અને વિવિધ આંતરપાક પધ્ધતિઓની શેરડીમાં અસર

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં શેરડી ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે ૪૫



૪૫ સેમી ઉંડાઈનું એકાંતરે હારમાં ૨ મીટરના અંતરે સબસોઈલિંગ

સેમી ઉંડાઈનું એકાંતરે હારમાં ૨ મીટરના અંતરે સબસોઈલિંગ કરી કલ્ટીવેટરથી ખેડ કરવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં, શેરડી સાથે ચણા, મેથી કે વાલ પાપડીનો આંતરપાક ફાયદાકારક જણાયેલ નથી.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ)

## ૫. ફળ પાકો

### ૫.૧ આંબાની કેસર જાતની ટોચની ડાળીઓની છટણી અને પોટેશિયમ નાઈટ્રેટના છંટકાવની ફૂલ અવસ્થા તથા ઉત્પાદન પર અસર




આંબાની છંટણી કર્યા પછી ચાર થી પાંચ મહિને ૪% પોટેશિયમ નાઈટ્રેટનો છંટકાવ

દક્ષિણ ગુજરાતના આંબાની કેસર જાતની (૧૦ મી x ૧૦ મી અંતરે વાવેતર કરેલ) વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે આંબાની કેસર જાતના ઝાડને ફળ ઉતારી લીધા બાદ તુરંત જ ઝાડની અંદાજીત ૧.૦ સેમી. જાડાઈ ધરાવતી ડાળીઓની છટણી કર્યાના ચારથી પાંચ મહિને ૪ ટકા પોટેશિયમ નાઈટ્રેટનો છંટકાવ કરવાથી કેરીની વહેલી પરીપકવતાની સાથે વધુ ઉત્પાદન અને આવક મેળવી શકાય છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, આચાર્ય, બાગાયત પોલીટેકનીક, ન.કૃ.યુ., નવસારી)

### ૫.૨ આંબાની કેસર જાતમાં ફુલ આવ્યા બાદ રસાયણના છંટકાવની ફળ ટકાઉ શકિત અને ઉત્પાદન પર થતી અસર

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા વિસ્તારમાં આંબાની કેસર જાતની વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કેસરના ઝાડ ઉપર કેરી વટાણાં અને લખોટી જેટલી થાય ત્યારે ૨ % નોવેલ સેન્દ્રિય પ્રવાહી પોષક તત્વોનો છંટકાવ કરવાથી કેરીનું ગુણવત્તાસભર વધુ ઉત્પાદન સાથે વધારે ચોખ્ખો નફો મેળવી શકાય છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

### ૫.૩ આંબામાં તબકકાવાર પેકલોબ્યુટ્રાઝોલના ઉપયોગથી ફૂલો આવવાની પ્રક્રિયા, ઉત્પાદન અને ગુણવત્તા ઉપર થતી અસરો

દક્ષિણ ગુજરાતનાં ૩૫ વર્ષથી વધુ ઉંમરના આંબાની હાફૂસ જાતની વાડી ધરાવતા

ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, હાફૂસના ઝાડને ઓગષ્ટ મહિનાના પ્રથમ પખવાડીયામાં પેકલોબ્યુટ્રાઝોલ ૧૦:૫:૧૦:૫ ગ્રામ સક્રિય તત્વના પ્રમાણને ઝાડ દિઠ અનુક્રમે પહેલાં, બીજા, ત્રીજા અને ચોથા વર્ષે ઝાડના થડની ફરતે જમીનમાં આપવું અને ૧૫૦% ખાતર (૧૫૦ કિ.ગ્રા. છાણિયું ખાતર અને ૧૧૨૫:૨૪૦:૧૧૨૫ ગ્રામ ના:ફો:પો/ઝાડ) આપવાથી કેરીનું વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

## ૫.૪ કેરીના ગોટલાને વાવણી પહેલાં અપાતી માવજતની બીજાંકુરણ અને વિકાસ પર થતી અસરો

દક્ષિણ ગુજરાતમાં આંબાના રોપ ઉછેર કરતા ખેડૂતો અને નર્સરી ધારકોને ભલામણ કરવામાં આવે છે કે કેરીના ગોટલાને ૧૦૦ મિલિગ્રામ/લિટર જીબ્રેલીક એસીડના દ્રાવણમાં ૨૪ કલાક ડૂબાડીને પછી રોપવાથી સારી વૃધ્ધિવાળા વધુ રોપા મેળવી શકાય છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

## ૫.૫ આંબાની સેન્દ્રિય ખેતીમાં જૈવ–જંતુનાશકોની ડૂંખવેધક સામે અસરકારકતા

દક્ષિણ ગુજરાતમાં આંબાની સેન્દ્રિય ખેતી કરતા ખેડૂતોને ડૂંખ વેધકના અસરકારક નિયંત્રણ માટે એઝાડીરેકટીન ૧૫૦૦ પીપીએમ ૩૩ મિલિ/૧૦ લિટર ના બે છંટકાવ પ્રથમ ફૂલ બેસવાની શરૂઆતની અવસ્થાએ અને બીજો પ્રથમ છંટકાવના પંદર દિવસ બાદ કરવાની ભલામણ કરવામાં આવે છે.



ડૂંખ વેધકનું નુકશાન

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, પાક સંરક્ષણ વિભાગ, અ.બા.વ.કો.ન., ન.કૃ.યુ., નવસારી)

## ૫.૬ દક્ષિણ ગુજરાતમાં કેરીમાં પેકલોબ્યુટ્રાઝોલના અવશેષ

દક્ષિણ ગુજરાતના આંબા ઉત્પાદકોને ભલામણ કરવમાં આવે છે કે આંબાને પેકલોબ્યુટ્રાઝોલ ૨૫ એસ.સી.ના ૭.૫ ગ્રામ સક્રિય તત્વ/ઝાડ એટલે કે ૩૦ મિલિ/૧૦ લિ પાણી પ્રમાણે જુલાઈ માસમાં રેડવાથી કાચી અને પાકી કેરીમાં પેકલોબ્યુટ્રાઝોલના અવશેષ આવવાનું જોખમ રહેતુ નથી અને કેરીમાં તેના અવશેષ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિયમનકારી એજન્સીઓ દ્વારા નકકી કરેલ મહત્તમ અવશેષ મર્યાદા (MRL) કરતા ખૂબ જ ઓછા જોવા મળે છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦,પ્રાધ્યાપક અને વડા, ફૂડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી,ન.મ.કૃ.મ., ન.કૃ.યુ. નવસારી)

### ૫.૭ ચીકુમાં સંકલીત પોષકતત્વોનું વ્યવસ્થાપન (જાતઃ કાલીપત્તી)

દક્ષિણ ગુજરાતમાં ચીકુની કાલીપત્તી જાતના પુખ્ત વયના ઝાડોની વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ચીકુના ઝાડને ૫૦ કિલો છાણિયું ખાતર અને રાસાયણિક ખાતરના ૮૦ ટકા જથ્થો (૮૦૦-૪૦૦-૪૦૦ ગ્રામ ના.ફો.પો./ઝાડ ત્રણ હપ્તામાં ૨૦૦-૪૦૦-૧૦૦, ૪૦૦-૦-૨૦૦ અને ૨૦૦-૦-૧૦૦ ગ્રામ/ઝાડ પ્રમાણે અનુક્રમે જુન, ઓગષ્ટ અને ઓકટોબર) આપવાની સાથે જૈવિક ખાતરો (એઝેટોબેકટર, ફોસ્ફરસ સોલ્યુબીલાઈઝીંગ બેકટેરીયા અને પોટાશ મોબીલાઈઝીંગ બેકટેરીયા) દરેકના ૫૦ મિલિ/ઝાડના પ્રમાણમાં જુન, ઓકટોબર અને ફેબ્રુઆરી માસમાં જમીનમાં આપવાથી ખાતરની બચત સાથે વધુ ઉત્પાદન, કુલ દ્રાવ્ય ઘનપદાર્થ (ટી.એસ.એસ.) અને ચોખ્ખો નફો મળે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)

### ૫.૮ ચીકુની કાલીપત્તી જાતમાં ફળનો વિકાસ, ઉત્પાદન અને ગુણવત્તા ઉપર જૈવિક ખાતર, વૃદ્ધિ નિયંત્રકો અને સુક્ષમતત્વોની અસર



દક્ષિણ ગુજરાતમાં ચીકુની કાલીપત્તી જાતની વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ચીકુના પુખ્તવયના ઝાડને ઝાડ દીઠ ૭૫ કિલો છાણિયું ખાતર જુન માસમાં અને ૭૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૩૭૫ ગ્રામ ફોસ્ફોરસ અને ૩૭૫ ગ્રામ પોટાશ જુન અને ઓકટોબર માસમાં (બે સરખા હપ્તામાં), જૈવિક ખાતર એઝોસ્પાયરીલમ અને પી.એસ.બી. ૪૦ મિલિ/ઝાડ જુલાઈ માસમાં આપવું, જીબ્રેલિક એસિડ ૫૦ પીપીએમનો છંટકાવ નવેમ્બર માસમાં અને ગ્રેડ-૪ સુક્ષ્મપોષકતત્વોનું ૦.૫ ટકા નો છંટકાવ ડીસેમ્બર માસમાં કરવાથી ચીકુના ઉત્પાદન અને આવકમાં વધારો થાય છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, સહ સંશોધન વૈજ્ઞાનિક, ફળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ગણદેવી)

## ૬. શાકભાજી પાકો

### ૬.૧ વિવિધ પોષકતત્વો તથા ફર્ટીગેશન લેવલનો રક્ષિત ખેતીમાં ઉગાડવામાં આવેલ ટામેટાના ઉત્પાદન તથા અન્ય બાગાયતી લાક્ષણિકતા પર અસર

નેચરલી વેન્ટીલેટેડ પોલીહાઉસ (૧૦૦૦ ચો.મી.) માં ટામેટાની રક્ષિત ખેતી સાથે સંકળાયેલ ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે પાકને ફર્ટીગેશન અંતર્ગત ૨૫:૧૨.૫૦:૧૨.૫૦ કિગ્રા ના.ફો.પો. (નીચેના કોઠામાં દર્શાવેલ શિડયૂલ પ્રમાણે)ની સાથે *ટ્રાયકોડર્મા વીરડી, સ્યુડોમોનાસ ફલુરોસેન્સ* દરેક ૦.૫ કિગ્રા ફોસ્ફોરસ

સોલ્યુબીલાઈઝીંગ બેકટેરીયા (*બેસિલસ મેગાટેરીયમ*), પોટાશ મોબીલાઈઝર (*ફ્રેચૂરિયા ઓરેંસિયા*) દરેક ૦.૫ લીટર તથા ૨ ટન છાણિયું ખાતર અને ૫.૦ કિગ્રા સૂક્ષ્મ તત્વ (ગ્રેડ ૫) પ્રમાણે છોડની ફેરરોપણી સમયે આપવાની ભલામણ કરવામાં આવે છે.

| પાકનો સમય ગાળો | ખાતર વિભાજિત કરવાનો ગુણોત્તર (કિગ્રા) | | | નોંધ |
|---|---|---|---|---|
| | નાઈટ્રોજન | ફોસ્ફરસ | પોટેશિયમ | |
| પ્રથમ વિકાસ તબકકો (પ્રથમ ૩૦ દિવસ) | ૬.૨૨ | ૩.૭૫ | ૧.૧૪ | ફર્ટીગેશનની શરૂઆત ફેરરોપણીના ૧૦ થી ૧૫ દિવસ બાદ અઠવાડિયામાં એક વાર કરવી. |
| દ્રિતીય વિકાસ તબકકો (૩૧ થી ૬૦ દિવસ) | ૩.૧૩ | ૨.૫૦ | ૨.૨૮ | |
| તૃતીય વિકાસ તબકકો (૬૧થી ૯૦ દિવસ) | ૩.૧૩ | ૧.૨૫ | ૩.૩૮ | |
| ચોથો વિકાસ તબકકો (૯૧ થી ૧૨૦ દિવસ) | ૩.૧૩ | ૧.૨૫ | ૨.૨૮ | |
| પાંચમો વિકાસ તબકકો (૧૨૧ થી ૧૫૦ દિવસ) | ૩.૧૩ | ૧.૨૫ | ૧.૧૪ | |
| છઠ્ઠો વિકાસ તબકકો (૧૫૧ થી ૧૮૦ દિવસ) | ૩.૧૩ | ૧.૨૫ | ૧.૧૪ | |
| સાતમો વિકાસ તબકકો (૧૮૧ થી ૨૧૦ દિવસ) | ૩.૧૩ | ૧.૨૫ | ૧.૧૪ | |
| કુલ | ૨૫.૦૦ | ૧૨.૫૦ | ૧૨.૫૦ | |




ફર્ટીગેશન દ્વારા ગ્રીનહાઉસમાં ઉગાડવામાં આવેલ ટામેટાનો પાક

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૬.૨ ચોમાસુ ઋતુ દરમિયાન કલમ પધ્ધતિથી ટામેટાંની ખેતીની શકયતા તપાસવી

દક્ષિણ ગુજરાતના ટામેટાની ખેતી સાથે સંકળાયેલ ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ચોમાસાની ઋતુમાં *સોલેનમ ટોરવમ* પ્રજાતિનો મૂળકાંડ તરીકે ઉપયોગ કરી તેની ઉપર ટામેટાના ઉપરોપની કલમ બનાવી ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક નફો મેળવી શકાય છે.




*સોલેનમ ટોરવમ* પ્રજાતિનાં મૂળકાંડ ઉપર ટામેટાનાં ઉપરોપની કલમ અને ચોમાસાની ઋતુમાં તેનો ઉછેર

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૬.૩ ટામેટાના પાકમા નિંદામણ વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકિય વિસ્તારમાં ટપક પધ્ધતિથી ટામેટાનું વાવેતર કરતા ખેડુતોને નિંદણ નિંયત્રણ તેમજ વધુ ઉત્પાદન અને

ચોખ્ખો નફો મેળવવા કાળા પ્લાસ્ટીકનું આવરણ (૫૦µ, ૮૪.૬૬% આવરણ) અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.



ટામેટાનો પાક



ટામેટા પાકમાં ટપક પધ્ધતિ સાથે પ્લાસ્ટીકનું આવરણ

(ભલામણ વર્ષ: ૨૦૨૦, આચાર્યશ્રી, બાગાયત પોલીટેકનીક, ન.કૃ.યુ., પરીયા)

## ૬.૪ ટામેટા પાકને બ્રાસિનોસ્ટેરોઈડની બાહ્યાત્મક માવજત આપવાથી ઉત્પાદન અને ગુણવત્તા ઉપર અસર

દક્ષિણ ગુજરાતમાં ટામેટા જી.ટી.- ૨ જાતનું વાવેતર કરવા વાળા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે તેમજ લાઈકોપિન, કુલ શર્કરા અને લણણી પછી સાત દિવસ સુધીની ગુણવત્તા વધારવા માટે ટામેટાની ફેર રોપણી કર્યા પછી ૨૫, ૫૦ અને ૭૫ દિવસે બ્રાસિનોલાઈડનો છંટકાવ ૧૦ મિલિગ્રામ પ્રતિ ૧૦ લિટર કરવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, પ્લાન્ટ મોલેકયુલર બાયોલોજી અને બાયોટેક. વિભાગ, અ.બા.વ.મ.,, ન.કૃ.યુ., નવસારી)

## ૬.૫ રીંગણમાં ધરૂ ઉછેર માટે જમીન રહીત મીડીયાનું વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાતના રીંગણમાં ધરૂ ઉછેરતા ખેડુતો અને નર્સરીધારકો ને ભલામણ કરવામાં આવે છે કે, મીડીયા તરીકે વર્મીકમ્પોસ્ટ અને કોકોપીટનું પ્લગ ટ્રેમાં ૧:૧, ૨:૧ પ્રમાણ રાખવાથી ધરૂ ઉગાવો સારો, જુસ્સાદાર તેમજ પ્લગ ટ્રે અને ખેતરમાં રોપણી કર્યા બાદ મરણનું પ્રમાણ નહિવત જોવા મળે છે.



ધરૂ ઉગાવો



જુસ્સાદાર ધરૂ



ખેતરમાં રીંગણનો પાક

(ભલામણ વર્ષ: ૨૦૨૦, આચાર્યશ્રી, બાગાયત પોલીટેકનીક, ન.કૃ.યુ., પરીયા)

## ૬.૬ કોબીજનાં પાકમાં સંકલિત ખાતર વ્યવસ્થા

દક્ષિણ ગુજરાતમાં કોબીજની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોને વધુ ઉત્પાદન મેળવવા માટે પ્રતિ હેકટરે ૨૦ ટન છાણિયું ખાતર જમીન તૈયાર કરતી વખતે અને પાયામાં ૫૦ ટકા ભલામણ કરેલ નાઈટ્રોજનના જથ્થાની (૧૦૦-૦૦-૩૭.૫ કિગ્રા ના.ફો.પો.) સાથે નાઈટ્રોજનના આધારે બાયોકમ્પોસ્ટ (૦.૮% નાઈટ્રોજન ધરાવતું ૧૨.૫ ટન/હે) આપવાની ભલામણ કરવામાં આવે છે. બાયોકમ્પોસ્ટ અને પોટાશનો સંપૂર્ણ જથ્થો તથા નાઈટ્રોજનનો અડધો જથ્થો પાયામાં આપવો. નાઈટ્રોજનનો બાકીનો અડધો જથ્થો પૂર્તિ ખાતર તરીકે બે સરખા હપ્તામાં એટલે કે ફેરરોપણી બાદ ૩૦ અને ૪૫ દિવસે આપવો.




કોબીજનાં પાકમાં સંકલિત ખાતર વ્યવસ્થા

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૬.૭ શાકભાજી પાપડી–મીઠી મકાઈ પાકમાં જુદા જુદા અંતરે હારમાં ટપક પધ્ધતિની ગોઠવણીની અસર

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં શાકભાજી પાપડી(શિયાળુ)-મીઠી મકાઈ (ઉનાળુ) પાક પધ્ધતિમાં ટપક પિયત પધ્ધતિ અપનાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે શાકભાજી પાપડીનું વાવેતર ૩૦ સેમી x ૧૦ સેમી અંતરે ૪ હારમાં જયારે મીઠી મકાઈનું વાવેતર ૫૩ સેમી x ૨૦ સેમી અંતરે ૩ હારમાં કરી ૧.૬૦ મીટર અંતરે લેટરલ ગોઠવી અને ૮ લિ/કલાકની ક્ષમતાનાં ડ્રીપર દ્વારા ટપક પધ્ધતિથી પિયત કરવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મળે છે.

ટપક પધ્ધતિની વિગત

| | | |
|---|---|---|
| બે નળી વચ્ચેનું અંતર | : | ૧૬૦ સેમી |
| ટપકણીયા વચ્ચેનું અંતર | : | ૬૦ સેમી |
| ટપકણીયાનો પ્રવાહ | : | ૮ લિ/ કલાક |
| પધ્ધતિનું દબાણ | : | ૧.૨ કિગ્રા/ મી$^{2}$ |
| પધ્ધતિ ચલાવવાનો ગાળો | : | અઠવાડીયામાં બે વખત |

| | | |
|---|---|---|
| પદ્ધતિ ચલાવવાનો સમય | : | - |
| પાપડી (શિયાળુ) ડિસેમ્બર થી માર્ચ | : | ૧ કલાક થી ૧ કલાક ૨૦ મિનિટ (૦.૬ પી.ઈ.ફ.) |
| સ્વીટ કોર્ન (ઉનાળુ) એપ્રિલ થી મે | : | ૧ કલાક ૩૦ મિનિટ થી ૨ કલાક (૦.૬ પી.ઈ.ફ.) |



(ભલામણ વર્ષઃ ૨૦૨૦, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી)

## ૬.૮ આંબા હળદરની નવી જાતઃ ગુજરાત નવસારી આંબા હળદર-૧ (આમ્રવંતી)



આ જાત ન.કૃ.યુ. નવસારી દ્વારા ૨૦૨૦–૨૧માં બહાર પાડવામાં આવેલ છે. સીધા, ઘાટ્ટા લીલા રંગના પાન ધરાવતી અને મધ્યમ ઢીલા ભૂપ્રકાંડ(રાઈઝોમ) ધરાવે છે. લીલા ગાંઠીયાને સુકવ્યા બાદ ૨૬ થી ૨૮ % સુકા ગાંઠીયાનું વજન મળે છે અને ૯૦ થી ૯૨ % પાવડર મળે છે. ૬ થી ૯ નાના કદની માતૃગાંઠો તેમજ ૩૨ થી ૩૬ જેટલી પાતળી અંગુલી ગાંઠો ધરાવે છે. ગાંઠની લંબાઈ અને પહોળાઈ પણ સારી છે. ગાંઠના સડાં સામે મધ્યમ રોગ પ્રતિકારક શકિત ધરાવે છે. પાક ૧૯૦ થી ૧૯૫ દિવસમાં પાકી જાય છે. તેના લીલા ગાંઠીયા (પાતળી અંગુલી ગાંઠ)નું વજન ૧૪–૧૬ ટન/હે આવે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૬.૯ સુરણની જાત : જી.ઈ.એફ.વાય-૧ (સ્વાગત)

સુરણની જાત જી.ઈ.એફ.વાય-૭નું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૪૪.૮૪ ટન/હેકટર નોંધાયેલ છે. જે રાષ્ટ્રિય અંકુશ જાત ગજેન્દ્ર કરતાં ૨૬.૧૦ % વધુ ઉત્પાદન આપે છે. આ જાત ઝાંખા નારંગી ગર્ભ ધરાવતી તેમજ આ જાતમાં સ્ટાર્ચ, સુપાચ્ય રેસા, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, વીટામીન-એ, લોહતત્વ, મેંગેનીઝ, જસત અને કેલ્શિયમનું પ્રમાણ રાષ્ટ્રીય અંકુશ જાત કરતા વધારે છે. આ કંદ ખાતા ગળામાં થતી બળતરા અંકુશ જાત ગજેન્દ્ર જેવી જ હોય છે. આ જાત ઉગસુકના રોગ સામે પ્રતિકારક શકિત ધરાવે છે. સુરણની જાત જી.ઈ.એફ.વાય-૭ને રાજયમાં સુરણ વાવેતર વિસ્તાર માટે જી.ઈ.એફ.વાય-૧ (સ્વાગત) તરીકે ભલામણ કરવામાં આવે છે.






(સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.), હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, વઘઈ, જિ.ડાંગ)

## ૬.૧૦ દક્ષિણ ગુજરાત પરિસ્થિતિમાં સુવાના પાકમાં પોષક તત્વોનું વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં સુવાનું વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન તેમજ ચોખ્ખો નફો મેળવવા ૬૦-૩૦-૦૦ ના-ફો-પો કિગ્રા/હે (૩૦-૩૦-૦૦ ના-ફો-પો કિગ્રા/હે પાયામાં તેમજ ૩૦ કિગ્રા નાઈટ્રોજન/હે વાવણીના ૪૦ દિવસ બાદ) આપવાની ભલામણ કરવામાં આવે છે.



સુવાનો પાક

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ)

# ૭. ફૂલ પાકો

## ૭.૧ ગુલાબમાં ફુલ ઉત્પાદન માટે સંકલિત ખાતર વ્યવસ્થાપન



દક્ષિણ ગુજરાતમાં દેશી ગુલાબની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ગુલાબના છોડની મે અને નવેમ્બર માસના પ્રથમ અઠવાડીયામાં છટણી કર્યા બાદ ભલામણ કરેલ ખાતરને (૧૦ ટન/હે છાણિયું ખાતર + ૨૦૦:૨૦૦:૨૦૦ ના.ફો.પો. કિગ્રા/હે) ચાર સરખા ભાગમા (મે, ઓગસ્ટ, નવેમ્બર, ફેબ્રુઆરી માસમા) ૫૦% નાઈટ્રોજન રાસાયણિક ખાતરથી અને ૫૦% નાઈટ્રોજન લીંબોળી ખોળ દ્વારા આપી ૧૫ દિવસ બાદ એઝોટોબેકટર, ફોસ્ફેટ સોલ્યુબલાઈઝીંગ બેકટેરિયા (પી.એસ.બી.) અને પોટાશ મોબીલાઈઝીંગ બેકટેરિયા (કે.એમ.બી.) જેવા જૈવિક ખાતરો દરેક ૧.૨૫ લિ/હે જમીનમા આપવા તથા ૧% (૧૦ મિલિ/લિ) નોવેલ સેન્દ્રીય પ્રવાહી પોષક તત્વોનો ચાર વખત (જુન, સપ્ટેમ્બર,ડીસેમ્બર અને માર્ચ માસમાં) છંટકાવ કરવાથી ફુલોનુ વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦,પ્રાધ્યાપક અને વડા, પુષ્પ વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ. નવસારી)

# ૮. સેન્દ્રિય ખેતી

## ૮.૧ સેન્દ્રિય ખેતીમાં મગની વૃધ્ધિ, ઉત્પાદન અને ગુણવત્તા ઉપર કુદરતી સેન્દ્રિય પ્રવાહીની અસર



દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી ઉનાળુ મગ ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મેળવવા ૧% એનરીચ્ડ કેળનાં થડનાં રસના ત્રણ છંટકાવ (રોપણી બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે) કરવાની ભલામણ કરવામાં આવે છે.

સામાન્ય માવજતની વિગતો:

- મગની વાવણી ૪૫ સેમી. x ૧૦ સેમી. અંતરે કરવી ૨૦ કિગ્રા નાઈટ્રોજન/હે અને નાડેપ કમ્પોસ્ટ વાવણી સમયે આપવું.
- વાવણી પહેલાં બીજને રાઈઝોબીયમ, પી.એસ.બી. અને કેએમબી જૈવિક ખાતરોની ૧૦ મિલિ/કિગ્રા બીજ પ્રમાણે માવજત આપવી.
- ચુસીયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે નિવારણ તરીકે અને જરૂરીયાત મુજબ વારાફરથી ૦.૨૦% લીંબોળી તેલ, ૪% નીમાસ્ત્ર અને ૫% અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો.

(ભલામણનું વર્ષઃ ૨૦૨૦, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૮.૨ પ્રમાણિત સેન્દ્રિય ફાર્મમાં જુદા જુદા સેન્દ્રિય પદાર્થોની કેળાના ઉત્પાદન અને ગુણવત્તા ઉપર અસર



દક્ષિણ ગુજરાતમાં સેન્દ્રિય ખેતીથી કેળ (જાતઃ ગ્રાન્ડ નેન ) ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મેળવવા ૧૫૦ ગ્રામ નાઈટ્રોજન/છોડ એટલે કે ૧૪.૭ કિલોગ્રામ નાડેપ કમ્પોસ્ટ ત્રણ સરખા હપ્તામાં રોપણી વખતે તથા ત્યાર બાદ ૩૦ અને ૬૦ દિવસે તથા એઝેટોબેકટર, કેએમબી + પી.એસ.બી. ૫ લિટર/ હેકટર લેખે રોપણી વખતે આપવાની અને ઈકકડનો બે વખત લીલો પડવાશ કરવાની ભલામણ કરવામાં આવે છે.

વિગતે માવજતો

- રોપણી : ૧.૫ મી x ૧.૨ મી x ૨.૪ મી નાં અંતરે ખાડા કરવાં અને પ્રથમ હપ્તામાં નાડેપ સેન્દ્રિય ખાતર ૪.૯ કિગ્રા ખાડા દીઠ (૧.૦૨% નાઈટ્રોજન યુકત) તેમજ કેએમબી જૈવિક ખાતર + પી.એસ.બી.+ એઝેટોબેકટર ૫ લિટર/ હેકટરે આપવું. બીજા અને ત્રીજા હપ્તામાં છોડ દીઠ ૪.૯ કિગ્રા નાડેપ સેન્દ્રિય ખાતર રોપણી બાદ ૩૦ અને ૬૦ દિવસે આપવું.
- કેળની રોપણીના પહોળા ગાળામાં ઈકકડનો સતત બે વખત લીલો પડવાશ રોપણી સમયે અને બીજો લીલો પડવાશને જમીનમાં દાબી તુરંત કરવો અને તેને વાવણીના ૪૫ દિવસ બાદ જમીનમાં દબાવવો.

(ભલામણનું વર્ષઃ ૨૦૨૦, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી)

### ૮.૩ સૂરણનાં પાકમાં સેન્દ્રિય ખેતીની તાંત્રિકતા પ્રમાણિત કરવી





- દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી સૂરણની ગજેન્દ્ર જાત ઉગાડવા માંગતા ખેડૂતો માટે નીચે મુજબની સેન્દ્રિય માવજત વાપરવાની ભલામણ કરવામાં આવે છે.
- સૂરણની વાવણી પહેલા ચોળીનો લીલો પડવાશ ૨૦ કિલો/હે બિયારણ લઈ કરવો તથા ૪૫ થી ૬૦ દિવસોમાં વાવણી પહેલા તેને જમીનમાં દબાવવો.
- સજીવ ખેતી ઉત્પાદિત ૫૦૦ ગ્રામ વજનનાં સૂરણના ટૂકડાને લઈ તેને ૧-૨ કિલો લીમડાના ખોળ તથા બિયારણના ૧ કિલો વજન દીઠ ૫ ગ્રામ *ટ્રાયકોડર્મા હરજીયાનમ* ભેળવેલ ૧ ડોલ છાણની રબડીમાં માવજત આપી છાંયડામાં સૂકવી વાવેતર કરવું.
- વાવેતર સમયે ૩૬ ટન/હે છાણિયા ખાતર : લીમડાનો ખોળ (૧૦:૧ નું પ્રમાણ) કે જેમાં ૨.૫ કિલો/ટન પ્રમાણે ભેળવેલ *ટ્રાયકોડર્મા હરજીયાનમ* મિશ્રણનો ઉપયોગ કરવો તથા સાથે સાથે ૧ ટન/હે લીમડાનો ખોળ પણ આપવો.
- સૂરણના ખાડાની વચ્ચેની ખાલી જગ્યામાં ફરી પાછો ચોળીનો લીલો પડવાશ ૨૦ કિલો/હે બિયારણ લઈ કરવો તથા ૪૫ થી ૬૦ દિવસોમાં તેને ખાડામાં દબાવી દેવો તથા સાથે સાથે ૩ ટન/ હે રાખ પણ આપવી.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ, ન.કૃ.યુ., નવસારી)

## ૯. કૃષિ ઈજનેરી

### ૯.૧ દક્ષિણ ગુજરાતમાં જુવાર પાકની ઉત્પાકતા પર જમીન સુધારેલ રૂપરેખાનાં પ્રભાવ



દક્ષિણ ગુજરાત વધુ વરસાવાળા વિસ્તારના શિયાળુ જુવાર ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન, પાણીની બચત અને વધુ આવક મેળવવા, જમીનની સુધારેલ રૂપરેખા જેમકે લેસર લેવલિંગ સુચક આંક ૦.૭૨ પ્રમાણે સમતલ કરેલ જમીનમાં બેવડી હાર પદ્ધતિમાં જુવારની રોપણી કરવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ: ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

### ૯.૨ હર્બલ પ્રોડકટ માટે લીલા પાંદડા સુકવવા સોલાર ટનલ ડ્રાર્યરનું મૂલ્યાંકન



અર્ધવર્તૂલાકાર સૌર ટનલ ડ્રાર્યર

દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ઓછા તાપમાને સરગવા અને મહેંદીના પાન તથા કેસુડાના ફૂલ સુકવવા માટે અને તેનુ હર્બલ ઉત્પાદન કરવા અર્ધવર્તૂલાકાર સૌર ટનલ ડ્રાર્યરની ભલામણ કરવામા આવે છે. જેનું ક્ષેત્રફળ ૩૦ ચોરસ મીટર (૧૦ મી. x ૩ મી.) ઉંચાઈ ૨ મી. સાથે ૨૦૦ માઈક્રોન યુ.વી. અવરોધક પોલીથીન આચ્છાદિત છે, જેની ખુલ્લામાં સુકવણીની તુલનામાં ૩૩% સમયની બચત અને વધુ ચોખ્ખી આવક મળે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, સહપ્રાધ્યાપક અને વડા, પુનઃપ્રાપ્ય ઉર્જા ઈજનેરી વિભાગ, કૃ.ઈ.ટેકો, ન કૃ યુ., દેડિયાપાડા)

## ૧૦. મૂલ્યવૃધ્ધિ

### ૧૦.૧ પાકા પપૈયાની કેન્ડી બનાવવા માટેની તકનીક

આથી પ્રોસેસરો અને ઉદ્યોગ સાહસિકોને ભલામણ કરવામાં આવે છે કે, ઓસ્મોસીસ વિધિ દ્વારા સુકવણી કરેલ પપૈયા કેન્ડીની સ્વીકાર્યતા વધારવા માટે પાકા પપૈયાના ૧ કિલો ટુકડા દીઠ ૫૦° બ્રિક્ષ ટી.એસ.એસ. ધરાવતી ખાંડની ચાસણીમાં રાખી દરરોજ વધારાની ખાંડ ઉમેરી ૧૦° બ્રિક્ષ વધારી, ૭૦° બ્રિક્ષ ટી.એસ.એસ. થાય ત્યા સુધી રાખવી. તૈયાર થયેલ કેન્ડીને હુંફાળા પાણીથી ધોઈ, ૬૦° સે. તાપમાને સુકવણી કરી, પોલીપ્રોપીલીન (૪૦૦ ગેજ) ની બેગમાં પેક કરી છ માસ સુધી સંતોષકારક રીતે સંગ્રહ કરી શકાય છે.







પપૈયાની કેન્ડી

(ભલામણનુ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, પી.એચ.ટી. વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ. નવસારી)

### ૧૦.૨ ફ્રીઝડ્રાઈડ ટામેટાની કાતરી બનાવવા માટેની તકનીક



ફ્રીઝડ્રાઈડ ટામેટાની કાતરી

પ્રસંસ્કરણકારોને ભલામણ કરવામાં આવે છે કે, ટામેટાની ફ્રીઝડ્રાઈડ કાતરી બનાવવા ટામેટાને ૧૦ મી.મી. જાડાઈમાં કાપ્યા બાદ ૨ મિનિટ માટે ૮૦° સે. એ બ્લાંચિંગ કરી અને (૨૦° સે.) એ ૬ કલાક માટે થીજવી દીધા બાદ -૭૬૦ મી.મી. પારા (શુન્યાવકાશ) ૫૦° સે. સુકવણી તાપમાને ૧૭.૪૫ કલાક ફ્રીઝ ડ્રાઈંગ કરી ૭૫ માઈક્રોનની એચ.ડી.પી.ઈ. થેલીમાં પેક કરવાથી કોઈપણ જાતની ગુણવત્તામાં બદલાવ થયા વગર ૩ માસ સુધી સાચવી શકાય છે.

(ભલામણનુ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, પી.એચ.ટી. વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ. નવસારી)

### ૧૦.૩ કાચા કેળાંને વહેલા પકવવા માટેનો અભ્યાસ (જાતઃ ગ્રાન્ડ નૈન)

દક્ષિણ ગુજરાતનાં ભારે વરસાદવાળા વિસ્તારના ખેડૂતોને ઘરે વહેલા કેળાં પકવવા માટે કાચા કેળાં ઉપર ૧૦૦ પી.પી.એમ. ઈથરેલનો (૩૯% ઈથાફોન) કાતરા ઉપર સ્પ્રે કરી કોથળા વડે ૪ થી ૫ દિવસ કાતરાને ઢાકવાની ભલાકણ કરવામાં આવે છે, જેથી પાંચમાં દિવસે સારી ગુણવત્તાના પાકા કેળાં મેળવી શકાય.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી)

## ૧૧. મધમાખી પાલન

### ૧૧.૧ પરવળના પાકમાં મધમાખીની સક્રીયતાના સમયગાળાનો અભ્યાસ



દક્ષિણ ગુજરાતના ભારે વરસાદ ધરાવતા ખેત આબોહવાકીય પરિસ્થિતિ-૨માં પરવળના પાકમાં સવારના ૧૧.૩૦ થી બપોરના ૩.૩૦ કલાક દરમ્યાન મધમાખીની સક્રીયતા વધારે જોવા મળે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ,ન.મ.કૃ.મ., ન.કૃ.યુ, નવસારી)

# ૧૨. રેશમની ખેતી

## ૧૨.૧ દિવેલાના રેશમના કીડાની જુદી જુદી પ્રજાતિઓની પ્રયોગશાળામાં અનુકુળતા ચકાસવી





(ઈંડાનું પ્રાપ્તિ સ્થાનઃ સેન્ટ્રલ મુગા એરી રીસર્ચ એન્ડ ટ્રેનીગ ઈન્સ્ટીટયુટ, સેન્ટ્રલ સિલ્ક બોર્ડ, જોરહાટ (આસામ))

દક્ષિણ ગુજરાતના ખેત આબોહવાકીય પરિસ્થિતિ-૩ના દિવેલાના રેશમના કીડાનો ઉછેર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, દિવેલાના રેશમ કીડાની જાત, બોરદોર અથવા લખીમપુર અથવા અંબાગાંવનો ઉછેર કરવાથી ઉચ્ચ ગુણવત્તાવાળું અર્થક્ષમ રેશમ પ્રાપ્ત કરી શકાય છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ,ન.મ.કૃ.મ., ન.કૃ.યુ, નવસારી)

# ૧૩. પશુપાલન

## ૧૩.૧ ગરમીની ઋતુમાં વસુકેલ સુરતી ભેંસોના રહેઠાણમાં ઠંડકનો લાભ

દક્ષિણ ગુજરાતના સુરતી ભેંસ પાળતા પશુપાલકોને ભલામણ કરવામાં આવે છે કે ગરમીની ઋતુમાં વિયાણના બે મહિના પહેલા વસુકેલ ભેંસોના પાકા રહેઠાણમાં છત ઉપર ચૂનો તેમજ અંદર પંખા લગાવી ઠંડક રાખવાથી રોગપ્રતિકારક શકિત વધે છે તેમજ આવનાર દૂઝણા દિવસોમાં ફેટમાં સુધારો થાય છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, પશુચિકિત્સા શારીરિક અને જૈવરસાયણ શાસ્ત્ર વિભાગ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય કોલેજ, ન.કૃ.યુ., નવસારી)

# ૧૪. ઘાસચારા પાકો

## ૧૪.૧ ઘાસચારા જુવારની જાત- જી.એફ.એસ.-૭ (તાપી ચારી)



ઘાસચારા જુવારની જાત જી.એફ.એસ.-૭ (તાપી ચારી) સરેરાશ ૪૦,૦૨૨ કિગ્રા/હે લીલા ઘાસચારાનું તથા ૧૩,૨૧૨ કિગ્રા/હે સુકા ઘાસચારાનું ઉત્પાદન આપે છે, જે લીલા ઘાસચારામાં અંકુશ જાતો જેવી કે જી.એફ.એસ.-૫, જી.એ.એફ.એસ.-૧૨, જી.એફ.એસ.-૬ અને સી.એસ.વી.-૨૧ એફ કરતા અનુક્રમે ૨૯.૩ ટકા, ૨૯.૩ ટકા, ૧૩.૨ ટકા અને ૧૭.૧ ટકા અને સુકા ઘાસચારામાં અનુક્રમે ૨૯.૫ ટકા, ૨૪.૪ ટકા,

૧૪.૭ ટકા અને ૧૯.૪ ટકા વધારે ઉત્પાદન આપે છે. આ જાતમાં સાંઠાની માખી અને ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઓછો અને પર્ણના રોગો સામે આંશિક પ્રતિકારક શકિત ધરાવે છે તથા ઘાસચારો પણ સારી ગુણવતા ધરાવે છે. એક કાપણી વાળી ઘાસચારા જુવારની જાત જી.એફ.એસ.-૭ (તાપી ચારી) ને ચોમાસુ ઋતુમાં સમગ્ર ગુજરાત રાજયમાં ઘાસચારા ઉગાડતા વિસ્તાર માટે ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, સંશોધન વૈજ્ઞાનિક (જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ,. સુરત)

## ૧૪.૨ ઘાસચારા મકાઈમાં આંતરપાક પધ્ધતિ





દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં ઉનાળુ ઘાસચારા મકાઈનું વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા મકાઈની સાથે ઘાસચારા ચોળીનો ૧:૧ (મકાઈનું વાવેતર અંતર ૩૦ સેમી) અથવા ૨:૨(મકાઈનું વાવેતર અંતર જોડિયા હાર ૧૫-૪૫-૧૫ સેમી)ના પ્રમાણમાં આંતરપાક લેવાની ભલામણ કરવામાં આવે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

## ૧૪.૩ ઘાસચારા ઓટમાં સંકલિત નિંદણ વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં ઘાસચારા ઓટનું વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ૩૦ સેમી x ૩૦ સેમી અંતરે આડુ-ઉભુ વાવેતર (૧.૫ ગણો બીજનો દર રાખી) કરવાની ભલામણ આપવામાં આવે છે.



(ભલામણ વર્ષ : ૨૦૨૦, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી)

# ૧૫. ઔષધીય પાકો

## ૧૫.૧ અરડુસાના રોપા માટે પાણીના ક્ષાર સામે મહત્વપૂર્ણ નિર્ધારણ



ખેડુતો અને નર્સરી ઉત્પાદકોને ભલામણ કરવામાં આવે છે કે અરડુસાની પ્રજાતિઓ જેવી કે એકસેલસા અને ત્રિફલા પિયત પાણીના ક્ષાર સામે મધ્યમ પ્રતિકાર હોઈ તેમના રોપા ૮.૦ ડેસીસાયન/મીટર વિધુત વાહકતા સુધી ટકી રહે છે.

(ભલામણ વર્ષ : ૨૦૨૦, વડા, એન.આર.એમ,સી.ઓ.એફ, ન.કૃ.યુ., નવસારી)

## ૧૫.૨ દમવેલનો વાનસ્પતિક ઉગાવો



ખેડુતો અને નર્સરી ઉત્પાદકોને ભલામણ કરવામાં આવે છે કે દમવેલનું વનસ્પતિક પ્રસર્જન કરવા માટે તેના ૧૦ સેમી લાંબા કટકાના છેડાને પ્રતિ લીટર ૧ ગ્રામ આઈ.બી.એ ના પ્રવાહીમાં ૧૦ મિનિટ ડૂબાડીને અથવા લાલ માધ્યમમાં નેટ હાઉસમાં ઉછેરવાથી તેનો વધુ વિકાસ મેળવી શકાય છે.

(ભલામણ વર્ષઃ ૨૦૨૦, વડા, એફ.પી.યુ, સી.ઓ.એફ, ન.કૃ.યુ. નવસારી)



# ગુણવત્તા અને વિશ્વસનીયતાનું પ્રતિક નૌરોજી સીડ અને બાયોફર્ટીલાઈઝર

NAVSARI AGRICULTURAL UNIVERSITY

NAUROJI






નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત અગત્યના પાકોની સુધારેલી/સંકર જાતોના બિયારણ અદ્યતન પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રોસેસ કરી, તૈયાર કરી, સીલ બંધ બેગ ‘‘નૌરોજી સીડ’’ ના નામથી પેકિંગ કરીને વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત જુદા–જુદા પાકો માટે અગત્યના જૈવિક ખાતર (બાયોફર્ટીલાઈઝર)નું ઉત્પાદન તથા વેચાણ કરવામાં આવે છે.

ખેડૂત મિત્રોએ બિયારણ, જૈવિક ખાતર, કલમો તેમજ ફળમાખી ટ્રેપ માટે નીચે દર્શાવેલ સરનામે/ફોન ઉપર સંપર્ક સાધવાથી જરૂરી માર્ગદર્શન મળશે.

### –: બિયારણ :–

નોડલ ઓફીસર (મેગાસીડ) અને યુનિટ હેડ,
કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૦૨૮

### –: જૈવિક ખાતર :–

પ્રાધ્યાપક અને વડા,
વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૭૭૧–૭૫ એક્ષ.નં. ૧૨૧૦

### –: રોપા/કલમો :–

સંશોધન વૈજ્ઞાનિક,
વિભાગીય બાગાયત સંશોધન કેન્દ્ર,
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૪૬૪/૨૮૨૪૫૯

### –: ફળમાખી ટ્રેપ :–

પ્રાધ્યાપક અને વડા,
બાગાયત કિટકશાસ્ત્ર વિભાગ,
અસ્પી બાગાયત–વ–વનિય મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૧૪૪

# નૌરોજી નોવેલ

## કેળનાં થડમાંથી બનાવેલ સેન્દ્રિય પ્રવાહી ખાતર

**ફાયદાઓ :-**

- સંપૂર્ણ સેન્દ્રિય પ્રવાહી ખાતર છે.
- નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ ઉપરાંત સૂક્ષ્મ તત્વો પણ ધરાવે છે.
- કુદરતી રીતે પેદા થતાં વૃધ્ધિવર્ધક ધરાવે છે.
- જુદા જુદા પાકમાં ફુલ, ફળ અવસ્થાએ છંટકાવ કરવાથી ઉત્પાદન વધે છે.
- વૃધ્ધિવર્ધક હોય નર્સરી તબકકામાં ઉપયોગ કરવાથી છોડનો વૃધ્ધિ અને વિકાસ ઝડપી થાય છે.







NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**:: ઉત્પાદક અને વિક્રેતા ::**

સંશોધન વૈજ્ઞાનિક (જળ અને જમીન)
બનાના સ્યુડોસ્ટેમ પ્રોસેસીંગ યુનિટ
જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન. ૦૨૬૩૭-૨૯૨૧૦૩